## એક્ઝિક્યુટિવ કાઉન્સીલની બેઠકનો અહેવાલ

આઇ.આઇ.ટી.ઇ ખાતે આજ રોજ તા. 27/12/2019 ના રોજ બપોરે- 4:00 કલાકે માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં એક્ઝિક્યુટિવ કાઉન્સીલની બેઠક મળેલ હતી. જેમાં નીચેના સભ્યો હાજર રહેલ હતા.

| | |
|---|---|
| • ડો. હર્ષદ પટેલ. કુલપતિશ્રી | ચેરમેન |
| • ડો. કલ્પેશ પાઠક. સભ્ય, એકેડેમીક કાઉન્સીલ | સભ્ય |
| • ડો. એચ. બી. પટેલ. સભ્ય. એકેડેમીક કાઉન્સીલ | સભ્ય |
| • શ્રી વિઠ્ઠલભાઈ પટેલ. મુખ્ય હિસાબી અધિકારી | સભ્ય |
| • ડો. મધુસુદન મકવાણા. કુલસચિવ | સભ્ય-સચિવ |

આ બેઠકમાં નીચેના સભ્યો ગેરહાજર રહેલ હતા.

| | |
|---|---|
| • સેક્રેટરી. શિક્ષણ વિભાગ. ગુજરાત રાજ્ય અથવા તેમના પ્રતિનિધિ | સભ્ય |
| • સેક્રેટરી. નાણાં વિભાગ. ગુજરાત રાજ્ય અથવા તેમના પ્રતિનિધિ | સભ્ય |
| • કમિશ્નર. ઉચ્ચ શિક્ષણ વિભાગ. ગુજરાત રાજ્ય અથવા તેમના પ્રતિનિધિ | સભ્ય |

મિટિંગની શરૂઆતમાં મેમ્બર સેક્રેટરી તથા રજીસ્ટ્રાર દ્વારા એક્ઝિક્યુટિવ ક્ષકાઉન્સીલની યુનિવર્સિટીની આ બેઠકમાં સર્વે સભ્યશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું અને અને મિટિંગનું કામકાજ શરૂ કરવામાં આવેલ હતું.

**એજન્ડા-૧:** આઈ.આઈ.ટી.ઈ.ની એક્ઝીક્યુટીવ કાઉન્સિલની તા.૨૪/૧૦/૨૦૧૯ નાં રોજની મીટીંગમાં ઠરાવ નં. ૮ થી થયેલ નિર્ણય અન્વયે આઈ.આઈ.ટી.ઈ.નાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓના ભરતી અંગેના રેગ્યુલેશન તથા રજા અંગેના નિયમો તૈયાર કરેલ છે. શિક્ષણ વિભાગના તા. ૦૪/૦૯/૨૦૧૯ અન્વયે અને તા.૨૧/૧૨/૨૦૧૯ના રોજ કે.સી.જી., અમદાવાદ ખાતે માન. અગ્રસચિવ (ઉચ્ચ શિક્ષણ)નાં અધ્યક્ષ સ્થાને યુનિવર્સિટીનાં સ્ટેચ્યુટસ/ઓર્ડીનન્સ વગેરેમાં સુધારાની દરખાસ્ત સંદર્ભેની મીટીંગમાં થયેલ ચર્ચા અનુસાર રાજ્યની દરેક યુનિવર્સિટીના શૈક્ષણિક કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ આપવા હેતુ યુનિવર્સિટીના સ્ટેચ્યુટસ/ઓર્ડીનન્સ વગેરેમાં સુધારો કરી શિક્ષણ વિભાગને મોકલી આપવાનો રહે છે. આ હેતુ ચર્ચા અને નિર્ણય હેતુ રજૂ.

**ઠરાવ-૧:** આઈ.આઈ.ટી.ઈ.ની એક્ઝીક્યુટીવ કાઉન્સિલની તા.૨૪/૧૦/૨૦૧૯ નાં રોજની મીટીંગમાં ઠરાવ નં. ૮ થી થયેલ નિર્ણય અન્વયે આઈ.આઈ.ટી.ઈ.નાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓના ભરતી અંગેના રેગ્યુલેશન તથા રજા અંગેના નિયમો તૈયાર કરેલ છે જેમાં,

1. Indian Institute of Teacher Education (Appointment of Teaching & other Academic Posts) Regulations 2019
2. Indian Institute of Teacher Education (Appointment of Non-Teaching Posts) Regulations 2019
3. Indian Institute of Teacher Education (Leave for Teaching Staff) Rules 2019



Scanned with CamScanner

4. Indian Institute of Teacher Education (Leave for Non-Teaching Staff) Rules 2019

સદર નિયમો વંચાણે લેવામાં આવ્યા તથા ચર્ચા વિચારણાને અંતે મંજૂર રાખવાનું ઠરાવવામાં આવ્યું.

પ્રમુખ સ્થાનેથી રજૂ થયેલ મુદ્દાઓ.

એજન્ડા-૨: આઈ.આઈ.ટી.ઈ. ખાતે ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ તેમજ ડો. વિક્રમ સારાભાઈની ૧૦૦મી જન્મ જયંતિ નિમિતે વિવિધ પ્રકલ્પ હેઠળ અંદાજિત રૂ. ૬૦,૦૦,૦૦૦/-નો થનાર ખર્ચને મંજૂર થવા અર્થે ચર્ચા વિચારણા અંગે.

ઠરાવ-૨: ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ તેમજ ડો. વિક્રમ સારાભાઈની ૧૦૦મી જન્મ જયંતિની ઉજવણી દેશભરમાં ચાલી રહેલ છે. આ પ્રકારની ઉજવણી થકી ગાંધી વિચારો ભાવિ શિક્ષકો થનાર છે તેવા આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પોતાના જીવનમાં ઉતારે તથા ખ્યાતનામ વૈજ્ઞાનિક એવા ડો. વિક્રમ સારાભાઈની ૧૦૦મી જન્મ જયંતિ ઉજવણી થકી પ્રેરણા મેળવે તે જરૂરી છે આમ આ પ્રકારની ઉજવણી અંગે થનાર અંદાજિત રૂ. ૬૦,૦૦,૦૦૦/- ના ખર્ચને ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે મંજૂર રાખવાનું ઠરાવવામાં આવ્યું.

એજન્ડા-૩: આઈ.આઈ.ટી.ઈ. ખાતે રજિસ્ટ્રારની ભરતી પ્રક્રિયા અંતર્ગત સ્ટેન્ડિંગ કમિટી દ્વારા સુપ્રત કરાયેલ કાર્યવાહી સાથેનો અહેવાલ મહેકમ શાખા તરફથી સીલબંધ કવરમાં પ્રાપ્ત થયેલ છે. જે અંગે આગળની કામગીરી હેતુ ચર્ચા વિચારણા અંગે.

ઠરાવ-૩: આઈ.આઈ.ટી.ઈ. ખાતે રજિસ્ટ્રારની ભરતી અંગે આઈ.આઈ.ટી.ઈ. એક્ટની જોગવાઈ તથા પ્રક્રિયા અંતર્ગત સ્ટેન્ડિંગ કમિટી દ્વારા સુપ્રત કરાયેલ કાર્યવાહી સાથેનો અહેવાલ સીલબંધ કવરમાં પ્રાપ્ત થયેલ જેમાં આઈ.આઈ.ટી.ઈ.ના રજીસ્ટ્રાર તરીકે ડો. હિમાંશુ પટેલની વરણી કરવાની ભલામણને બહાલી આપવામાં આવી અને તે અંગેની આગળની પ્રક્રિયાની સત્તા માન. કુલપતિશ્રીને સોંપવાનું સર્વે સભ્યશ્રીઓ દ્વારા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

તા. ૨૭-૧૨-૨૦૧૯

રજીસ્ટ્રાર
સભ્ય-સચિવ,
એક્ઝિક્યુટિવ કાઉન્સીલ



Scanned with CamScanner